**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ</u>**

**<u>(જુના ફોજદારી કેસ નં.૩૩૩૬/૧૯૯૩)</u>**
**<u>નવા ફોજદારી કેસ નં.૯૬૧/૨૦૧૮</u>**
**<u>આંક–</u>**

**<u>ફરીયાદી ::–</u>** કારખાના નિરીક્ષક
(શ્રી પી.એમ.મિસ્ત્રી, કારખાના નિરીક્ષક,અમદાવાદ)

**<u>– : : વિરુધ્ધ : : –</u>**

**<u>આરોપી ::–</u>** અનિલભાઈ ઉપાધ્યાય
કિરણ ટેક્ષટાઈલ
રામકુમાર મીલ કંપાઉન્ડ, સરસપુર,અમદાવાદ

**ગુનો :–** કારખાનાધારા ૧૯૪૮ ની કલમ–૫૨(૧) ના ભંગ બદલ કલમ– ૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત...

**<u>–:: ઠ રા વ ::–</u>**

---

ફરીયાદી તરફે ..
આરોપી તરફે .. ઓથોરીટી પર્શન સાથે હાજર

---

**–:: <u>ઠ રા વ</u> ::–**

(૧) <u>નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ. ક.ને મળતા સદરહું ફોજદારી કેસ અત્રેની મજુર અદાલતમાં ટ્રાન્સફર થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૯૬૧/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.</u>

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના ફરીયાદી ફેકટરી એકટની ક.૮ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામના ફરીયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતા,કારખાનામાં તા.૧૭/૦૬/૧૯૯૩ નાં રોજ સદરહું આરોપીએ સદરહુ કામદાર પાસે કામ કરવાનાં પોતાના ઈરાદાની તથા સદરહુ દિવસને બદલે જે દિવસે રજા આપવાની હોય તે તમામ બાબતની નોટીસ ઈન્સ્પેકટરની ઓફીસમાં સદરહુ દિવસ અગાઉ પહોંચતી કર્યા સિવાય તથા એવી મતલબની નોટીસ કારખાનામાં ચોટાડીયા સિવાય કામ કરવાનુ ફરમાવીને આરોપીએ કારખાના ધારા ૧૯૪૮ની કલમ–૫૨(૧) ના ભંગ બદલ કારખાનાધારાની કલમ–૯૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) હાલની ફરીયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવ્યા બાદ,અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપી સંસ્થા તથા તેના જવાબદાર વ્યકિતઓને સમન્સ કરતા,આરોપી સંસ્થા વતી તેમના ઓથોરાઈઝડ પરર્સનશ્રી **હિતેન્દ્રકુમાર બળવંતરાય ત્રિવેદી** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/ સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલના કામે તહોમતદારોના ઓથોરાઇઝડ પરર્સન શ્રી **હિતેન્દ્રકુમાર બળવંતરાય ત્રિવેદી** એ ગુન્હા ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા તેઓ તમા તોહમદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે,ત્યારબાદ તમામ તહોમતદારો વતી તેમના ઓથોરાઇઝડ પરર્સન શ્રી **હિતેન્દ્રકુમાર બળવંતરાય ત્રિવેદી** ની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીના ઓથોરાઈઝડ પરર્સન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આ કામે તહોમતદાર કંપની તેમના ઓથોરાઈઝડ પરર્સન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબલુ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા,આ કામે તહોમતદાર તે કંપનીના જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વૈચ્છાપૂર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમના ઓથોરાઈઝડ પરર્સન મારફતે કબુલ રાખતા હોય, હાલના તહોમતદાર ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧) કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે કારખાનાધારા ૧૯૪૮ ની કલમ–૫૨(૧) ના ભંગ બદલ કારખાના ધારાની ક.૯૨ હેઠળ તકસીરવાન ઠરાવી ને આરોપીને **રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** નો દંડ, અને જો દડં ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૮/૦૨/૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૮ –૦૨–૨૦૨૦
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**